| | | |
|---|---|---|
| આંક | : | ૦૭ |
| દાખલ તારીખ | : | ૦૮ ૦૬ ૨૦૦૪ |
| રજિસ્ટર્ડ તારીખ | : | ૦૮ ૦૬ ૨૦૦૪ |
| ફેંસલ તારીખ | : | ૦૨ ૦૬ ૨૦૨૬ |
| સમયગાળો | : | **વર્ષ માસ દિવસ** |
| | : | ૨૨ ૦૦ ૦૬ |

---

**મે. અધિક ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટશ્રીની કોર્ટમાં,**
**કલોલ, જી. ગાંધીનગર.**

---

**<u>ફોજદારી ઈન્ક. નંબર – ૩૭/૨૦૦૪</u>**

| | | |
|---|---|---|
| **<u>ફરિયાદી</u>** | : | રમેશભાઈ મંગળભાઈ ભંગી, ઉં.વ.આ. ૪૨,<br>જાતે ભંગી, ધર્મે–હિન્દુ, ધંધો–નોકરી,<br>રહે. ૧૫૧/૧૨, બી–૧, સેક્ટર–૨૩, ગાંધીનગર. |
| | | વિરુદ્ધ |
| **<u>સામાવાળા</u>** | : | (૧) કલેક્ટરશ્રી, કલેક્ટર કચેરી, ગાંધીનગર વગેરે ૨૦ |

બાબત:– **<u>ઈ.પી.કો. કલમ–૧૪૩, ૧૪૭, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૩૯૫, ૪૩૬, ૪૬૮, ૪૭૧, ૧૧૪ અને અત્યાચાર ધારાની કલમ– ૩(૧)૧૦, ૩(૧) ૮, ૩(૧)૯, ૩(૧)૧૫, ૩–૨(૧), ૩–૨(૪), ૪ તથા કલમ–૧૬ મુજબ</u>**

**(૧)** સદર ઈન્કવાયરી ૨૦૦૪ ની સાલમાં ફરિયાદી દ્વારા દાખલ કરવામાં આવતા મારા પૂરોગામી ન્યાયાધીશશ્રી દ્વારા ફરિયાદીની સોગંદ ઉપર જુબાની લઈ ફરિયાદીની ઈન્કવાયરી રજિસ્ટરે લઈ, ક્રી.પોસી. કોડની કલમ–૨૦૨ મુજબ કોર્ટ ઈન્કવાયરીમાં રાખવામાં આવેલ.

**(૨)** સદર કામે ફરિયાદ પક્ષે દસ્તાવેજી પુરાવા એનેક્ષર–(એ) થી (ઝેડ–૬) સુધીના રજૂ રાખેલ છે. હાલના કામે ફરિયાદીની સોગંદ ઉપર જુબાની નોંધવામાં આવેલ છે. સદરહું પુરાવામાં ફરિયાદી ભંગી જ્ઞાતીના હોય, ૨૦૦

વર્ષ પહેલાં તેઓના ઘર–ગામથી દૂર હતા. વસ્તી વધવાથી તેઓના ઘર સવર્ણોના ઘરથી નજીક આવવાથી કેટલાંક સવર્ણો આભડછેટમાં માનતા હોય અને તેઓ ત્યાંથી જતાં રહે તે રીતના પ્રયત્નો કરતાં હોય, ધમકીઓ આપતા હોય અને સામાવાળાઓ તેમની માલમિલકતને કોઠા ગામે લૂંટે નહિ અને બાળી ન નાંખે તે માટે સામાવાળા નં.૧ થી ૪ નાઓને અરજી કરેલ હોય અને આ અરજી કરતાં અધિકારીઓએ આરોપી નં.૭ થી ૨૦ નાને બચાવવાનો પ્રયત્ન કર્યો હોય તા.૧૪/૦૧/૨૦૦૨ ના રોજ સામાવાળા નં.૭ થી ૨૦ નાઓએ અમરતભાઇ મંગળભાઈનું ઘર સળગાવેલ હોય રૂા.૩૫,૦૦૦/– નુકસાન કરેલ હોય, તેની ફરિયાદ અને પંચનામું નોંધેલું હોય, ત્યાર બાદ તા.૨૦/૦૭/૨૦૦૨ ના રોજ કોઠા ગામના બે મકાનોની તોડફોડ કરી લૂંટફાટ કરી પાણીનું નળ કનેક્શન અને તેમના ઘરની આજુબાજુનો વાડો તોડી ફરિયાદીના મકાનને રૂા.૪૫,૦૦૦/– નું નુકસાન અને સુરેશભાઇના મકાનને રૂા.૨૫,૦૦૦/– નું નુકસાન કરેલ હોય પોલીસને જાણ કરવા છતાં પોલીસે ફરિયાદ લીધેલ ન હોય, આ બનાવની વીડિયોગ્રાફી અને ફોટાગ્રાફી પાડી લીધેલ હોય તા.૦૪/૧૦/૨૦૦૩ ના રોજ સામાવાળા નં.૭ થી ૨૦ નાઓએ તેઓના મકાનને આગ લગાડી હતી, જે વિરુદ્ધ પોલીસે કોઇ કાર્યવાહી કરેલ ન હોય અને આ આગના લીધે ફરિયાદીના મકાનને રૂા.૬૦,૦૦૦/– નું નુકસાન થયેલ હોવાનું તેવુ સોગંદનામું ગામનાં ત્રણ ઇસમોએ કરી આપેલ હોય જે સદર કામે રજૂ રાખેલ હોય અને આ બનાવની જાણ અમરતભાઈ સોનારાએ જાતે સ્થળ ઉપર જઈ પોલીસ ખાતાને જાણ કરેલી. જે સાથેના લીસ્ટથી કાગળો કામે રજૂ રાખેલા. આ બનાવ વખતે તેમના બહેન ધારાબેનની દીકરી સોનલ ભણતી હોય તેમના અભ્યાસને અસર થયેલ હોય અને આ બનાવના લીધે ધારાબેન તેમની પુત્રી સુરેશભાઈ અને તેના બાળકો અને અમરતભાઇ આમરણાંત ઉપવાસ ઉપર બેઠેલાં હોય તેઓને ફરિયાદી દ્વારા જીવન જરૂરિયાતની વસ્તુઓ પૂરી પડાતી હોય અને તેના લીધેલ ફરિયાદીના મકાનને આગ લગાડેલ હોવાનું અને તોડી પાડેલ હોવાનું હકીકતો વર્ણવેલ છે. વધુમાં ફરિયાદી દ્વારા સામાવાળા નં.૭ થી ૨૦ નાઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા અને નં.૧ થી ૭ નાઓએ તેમને ગેરકાયદેસર કૃત્ય કરવા મદદરૂપ થયા હોય ધોરણસરની ફરિયાદ લાવી કાયદેસરની કાર્યવાહી કરવા અરજ કરાયેલ છે. ફરિયાદીએ હાલની આ

ફરિયાદ લાવતા પહેલાં દરેક સામાવાળાઓને નોટિસ આપેલ હોય તે નોટિસનો કોઈ જવાબ આવેલ નથી અને ફરિયાદમાં લખાવેલ વિગત ખરી હોય અને સમાજ કલ્યાણ અધિકારી અંસારાએ કોઠા ગામે માણસો મોકલી કોઈને પણ જાણ કર્યા વગર પુરાવાનો નાશ કરેલ હોય રાજપરા પી.એચ.સી. પાસે ફરિયાદ કરવા ગયેલા ત્યારે તેઓ દ્ધારા ગાળો દેવામાં આવેલ હોય, સામાવાળા નં.૧ થી ૬ નાઓ સ્થળ ઉપર આવીને કોરા કાગળ પર સહીઓ કરાવી લીધેલ હોય, તે રીતે હાલની આ ફરિયાદ અનુસંધાને ફરિયાદી દ્ધારા ઉપરોક્ત મુજબ મૌખિક પુરાવો રજૂ રાખેલ છે.

(૩) ફરિયાદીની ફરિયાદ અને સદર કામે ફરિયાદી દ્ધારા અપાયેલ પુરાવા અનુસંધાને ફરિયાદી દ્ધારા તેમની ફરિયાદમાં સાહેદી લીસ્ટ તથા દસ્તાવેજી પુરાવા રજૂ રાખેલ છે. તે મુજબ સદર કામે કોઈ સાહેદોને ફરિયાદ પક્ષે પુરાવા આપવા માટે લાવવામાં આવેલ નથી કે રજૂ રાખેલ દસ્તાવેજી પુરાવાને સમર્થનકારક વંચાણે લઈ શકાય તેવા કોઈ મૌખિક પુરાવાઓ ફરિયાદ પક્ષે રજૂ કરાયેલ ન હોય સદર કામે તા.૦૨/૦૬/૨૦૦૪ ના રોજ ફરિયાદીનો પુરાવો નોંધ્યા બાદ સદર કામ ફરિયાદીના વધુ પુરાવા ઉપર રાખવામાં આવેલ હોય, સદર કામનું રોજકામ ધ્યાને લેતાં, ફરિયાદી કે તેમના વકીલશ્રીઓ ત્યાર બાદ અત્રેના કામમાં હાજર રહેલ ન હોય કે તેમના તરફથી વધુ પુરાવો આપવા માટે કોઈ તજવીજ હાથ ધરાયેલ ન હોય, રોજકામ વંચાણે લેતાં, ફરિયાદીને નોટિસ વારંવાર કાઢવા ઉલ્લેખ કરાયેલ હોવાનું જણાઈ આવે છે. ત્યાર બાદ સદર કામે નામદાર ડિસ્ટ્રીક્ટ કોર્ટ ગાંધીનગરના ક્રિમી./ટ્રાન્સ./૩૯/૨૦૨૬ તા.૦૯/૦૪/૨૦૨૬ ના રોજ સદર કામ અત્રેની કોર્ટમાં ટ્રાન્સફર થઈને આવતા સદર કામનું રેકર્ડ વંચાણે લેતાં, ફરિયાદીને કરાયેલ નોટિસ ફરિયાદી જણાવેલ સરનામે રહેતા ન હોય અને જણાવેલ સરનામે બીજા કોઈ ઈસમ રહે છે અને ફરિયાદીની તપાસ ઓફિસ સેક્ટર નં.૨૩ માં કરતાં તેમના વિશે કોઈ માહિતી મળી આવેલ નથી, તેવા શેરા સાથે ત્રાહિતના નિવેદન સાથે પરત આવેલ પ્રોસેસની સદર કામમાં દાખલ લઈ આંક–૫ અને આંક–૬ થી સામેલ રાખવામાં આવેલ છે.

આમ, ઉપરોક્ત તમામ હકીકતે ફરિયાદી દ્ધારા સદરહું કામે સોગંદ ઉપર જુબાની આપ્યા બાદ તેમની ફરિયાદમાં જણાવ્યા મુજબના સાહેદોને કે

દસ્તાવેજી પુરાવાને પુરવાર કરવા કોઇ તકેદારી રાખવામાં આવેલ ન હોય ફરિયાદીને પૂરતી તકો આપવામાં આવેલ હોય સદર કામે ફરિયાદી કે તેમના વકીલશ્રીઓ હાજર રહેતા ન હોય સદર કામ ઘણાં બધાં વર્ષોથી ફક્ત રોજકામ લખવા પૂરતું ચાલતું આવતું હોવાનું જણાઇ આવતું હોય, ત્યારે ફરિયાદીને હાલની આ ઈન્કવાયરી સંબંધે કોઇ વિશેષ પુરાવો આપવા કે રજૂ રખાયેલ દસ્તાવેજોને પુરવાર કરવા કોઇ રસ કે ત્વરીતતા રહેલ હોય તેવું જણાઇ આવતું નથી અને સદર કામ ૨૦ વર્ષથી વધુ સમયથી ખેંચાતું આવતું હોય, ફરિયાદી દ્વારા તેમની સોગંદ ઉપર જુબાનીનાં આધારે સામાવાળાઓ વિરુદ્ધ કરાયેલ આક્ષેપો પ્રથમ દર્શનીય રીતે માની શકાય તેવા અને સામાવાળા વિરુદ્ધ ગુનાનું કોગ્નીજન્સ લઇ શકાય તેવો કોઇ પુરાવો ફરિયાદી તેમના ફરિયાદના સમર્થનમાં રજૂ કરી શક્યા ન હોય, કોઇ વિશેષ સાહેદોના પુરાવાથી પોતાના દ્વારા અપાયેલ પુરાવાનું કે ફરિયાદીને સમર્થન પ્રાપ્ત થાય તેવો પણ કોઇ પુરાવો રજૂ ન હોય ત્યારે માત્રને માત્ર આક્ષેપોના આધારે સામાવાળાઓ વિરુદ્ધ કોઇ કાર્યવાહી કરી શકાય નહીં. તે તમામ હકીકતો ધ્યાને લઇ આજરોજ પણ કોર્ટ સમય પૂરો થતાં સુધી ફરિયાદી કે ફરિયાદીના વકીલશ્રી સદર કામે હાજર રહેલ ન હોય અને આક્ષેપિત ફરિયાદમાં અત્યાચાર ધારાની કલમો મુજબના આક્ષેપ પણ જણાવેલ હોય જે ચલાવવા અત્રેની અદાલતને સત્તા રહેલ ન હોય અને સદર કામ નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા અપાયેલ સૂચિમાં ટાર્ગેટેડ કેસની શ્રેણીમાં આવતું હોય ત્યારે ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**: હુ ક મ :**

(૧) હાલની આ ફરિયાદ ડિસમિસ કરવામાં આવે છે. ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

આજરોજ કલોલ મુકામે ખુલ્લી અદાલતમાં હુકમ જાહેર કર્યો.

સ્થળ: કલોલ
તારીખ: ૦૨/૦૬/૨૦૨૬

***અલીઅસગર હસનઅલી હીરાની***
અધિક ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ,
કલોલ જી. ગાંધીનગર.
(જીજે ૦૧૧૮૪)